ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીની આવકમાં વધારો

## ૧૧૫ બાળકોને હૃદયરોગની સારવાર અપાઈ રહી છે : ૧૪૩ બાળકો શરીરની સ્થૂળતા ધરાવતા મળી આવ્યા છે : આરોગ્ય મંત્રી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આર.ટી.ઓ.ના મંજૂર થયેલ મહેકમને લઈ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન-વ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં મંજૂર થયેલ મહેકમ ૩૮ કર્મચારીનું છે. જે પૈકી ૨૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાો ખાલી છે.

જે જગ્યાઓ ખાલી છે ૩૧-૩-૧૪ની સ્થિતિએ તેમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની ૧, મોટરવાહન નિરીક્ષકની ૨, સહાયક મોટરવાહન નિરીક્ષકની ૪, જુનિ. ક્લાર્કની ૨ અને ડ્રાયવરની ૧ જગ્યા ખાલી પડેલ છે.



વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

ગાંધીનગર (ઉ)ના ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે માર્ચ ૨૦૧૪ના અંતે આર.ટી.ઓ. કચેરીની આવકને લઈ પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન-વ્યવહાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે માર્ચ ૨૦૧૪ ના અંતે છેલ્લા એક વર્ષમાં રૂ. ૮૨.૨૭ કરોડની આવક થઈ છે, અને તે વર્ષ ૨૦૧૨-૧૩ ના વર્ષની તુલનામાં ૭૩ હજારનો વધારો થયો છે.

● **શાળા આરોગ્ય તપાસણી**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોર તથા ભાજપના શ્રી અશોક પટેલે શાળા આરોગ્ય તપાસણી હેઠળ આવરી લેવાયેલા બાળકોની સંખ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે બે વર્ષમાં કુલ ૬,૧૦,૭૦૧ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ ચકાસણી દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હૃદય, કીડની અને કેન્સર જેવા ગંભીર બિમારીના કુલ ૧૫૨ વિદ્યાર્થી નોંધાયા છે.

આરોગ્યમંત્રીશ્રીએ ચોંકાવનારી વિગતો આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લાના કુલ ૧૧૫ બાળકોને છેલ્લા બે વર્ષણાં હૃદયરોગની સારવાર આપવામાં આવી છે.

જિલ્લાના ૫૧,૧૧૭ બાળકોને નાની-મોટી અન્ય બિમારી જણાઈ છે. જેમાં પાંડુરોગની ૧૮૫૮૮, આંત્રકૃમિ-૧૨૨૦૪, દાંતની તકલીફ-૩૬૧૯, આંખની તકલીફ-૨૭૦૩, નાક-કાન ગળાની તકલીફ-૨૬૫૩, પેટની તકલીફ-૧૨૨૧, ચામડીના રોગ-૨૫૩૩, સરીરની સ્થૂળતા-૧૪૩, શ્વસનતંત્રના રોગના-૧૪૫૬, ચેતાતંત્રના-૨, અસ્થિતંત્રના-૧૫, વિકલાંગતા-૧૧૫ તેમજ ૫૮૧૩ અન્ય નાની મોટી બિમારીના કેસ નોંધાયા છે.

હૃદયરોગની સારવાર યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજીમાં સારવાર આપવામાં આવે છે.

● **ગાંધીનગર-મહુડી માર્ગ**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર મહુડી માર્ગ ચાર માર્ગીય કરવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૩-૧૪ની સ્થિતિએ આ કામ પ્રગતિ હેઠળ છે.

આ કામ પાછળ અંદાજે રૂ. ૮૪૦૦ લાખનો ખર્ચ થશે.

● **વિધવા સહાયની અરજીઓ**

કોંગીના શ્રી અમીત ચૌધરીએ ૩૧-૫-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાયની મળેલ અરજીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા-બાળકલ્યાણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની ૧૦૧૭ અરજીઓ મળી છે.

જેમાં ગાંધીનગર તાલુકાની ૨૮૮, દહેગામમાં ૩૧૮, માણસામાં ૧૭૪ અને કલોલમાં ૨૩૮ અરજીઓ મળી છે. આ પૈકી ૯૫૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એક પણ અરજી નામંજૂર કરાઈ નથી. જે અરજીઓ હાલ પડતર છે તેનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે મંજૂર થયેલ અરજીઓથી ગાંધીનગર જિલ્લામાં રૂ. ૧૩૪ લાખની સહાય ચુકવવામાં આવી છે.

● **નાંદોલ પાસે પુલ**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લાના નાંદોલ પાસે ખારી નદી પર પુલ બાંધવા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૩-૧૪ની સ્થિતિએ આ નદી પર પુલના બાંધકામનું કામ સુપર સ્ટ્રક્ચર લેવલ સુધીનું સિવીલ કામ મહદ્અંશે પૂર્ણ થયેલ છે.

તેમણે સભ્યશ્રીના અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં

● અનુસંધાન પાન-૭ પર



અંબર ગાજે - ગાંધીનગર ટાઉનહોલ ખાતે મંગળવારની સાંજે ગુજરાતના લોકસાહિત્યના જાણીતા કલાકારો દ્વારા 'અંબર ગાજે' કાર્યક્રમ યોજાયો હતો. વિધાનસભાના ધારાસભ્યો માટે યોજાયેલ કાર્યક્રમમાં લોકપ્રિય કલાકારો સર્વશ્રી શાહબુદ્દીન રાઠોડ, અભેસિંહ રાઠોડ, મેરાણભાઈ ગઢવી અને ફરિદા મીરે પોતાની કૃતિઓ રજૂ કરી હતી. જ્યારે ગોપાલ બારોટે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. રસપ્રદ શૈલીમાં રજૂ થયેલ કાર્યક્રમને માણવા વિધાનસભા અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા, મંત્રી મંડળના સભ્યો, ધારાસભ્યો અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લામાં ત્રણ વર્ષ દરમિયાન મહિલાઓ સંબંધિત ૯૨૧ બનાવો નોંધાયા

## મારામારીના ૧૬૩, છેડતીના ૪૩, આત્મહત્યાના ૧૫૧ અને બળાત્કારના ૫૧ બનાવો નોંધાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મહીલાઓ સંબંધિત મારામારી, છેડતી, બળાત્કાર અને અપહરણ સહીતના કુલ ૯૨૧ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જયારે આ પૈકી બળાત્કારના ૫૧ અને છેડતીના ૪૩ તેમજ આત્મહત્યાના ૧૫૧ બનાવો બન્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

જિલ્લામાં ગુનાખોરીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે ત્યારે મહીલાઓની સુરક્ષાના મામલે પણ સમાજમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. વિધાનસભાના સત્ર દરમિયાન છેલ્લા ત્રણ વર્ષમાં અલબત્ત ૩૧ માર્ચ ૨૦૧૩ની સ્થિતિએ મહીલાઓ સંબંધિત કેટલા બનાવો નોંધાયા તે અંગે અમેરલીના ધારાસભ્ય પરેશ ધાનાણીએ પ્રશ્ન પૂછયો હતો. જેના જવાબમાં મુખ્યમંત્રીએ જવાબ આપ્યો હતો જે મુજબ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં મહીલાઓ સંબંધિત મારામારીના ૧૬૩, છેડતીના ૪૩, અપહરણના ૬૧, બળાત્કારના ૫૧, લૂંટના ૯, ખૂનના ૧૯, ચોરીના ૭૪ તેમજ આત્મહત્યાના ૧૫૧ બનાવો નોંધાયા છે. આ ઉપરાંત અપમૃત્યુના પણ ૩૫૦ બનાવો નોંધાયા છે. જિલ્લામાં ત્રણ વર્ષ દરમિયાન મહીલાઓ સંબંધિત મારામારી, છેડતી, અપહરણ, બળાત્કાર, લૂંટ, ખૂન, ચોરી અને આત્મહત્યા સંદર્ભે ૯૨૧ બનાવો બનવા પામ્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

### ખૂણે... ...ખાંચરેથી

- આર.એસ.એસ.ના વડા શ્રી મોહન ભાગવત આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને મળ્યા હતા.
- આજે કોંગ્રેસ પક્ષ તરફથી પત્રકારો માટે પ્રિતી ભોજનનું આયોજન કરાયું છે.
- આજે વિધાનસભા ખાતે પત્રકારો અને ધારાસભ્યો માટે હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરાયું છે.
- આજથી ૮૭ વર્ષ પૂર્વે ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપનીએ મુંબઈ ખાતે રેડિયો સ્ટેશનની સ્થાપના કરી હતી. આ પછી કલકત્તામાં તેની શરૂઆત થઈ હતી. ૧૯૩૬માં તેનું નામ બદલી ઓલ ઈન્ડિયા રેડિયો રખાયું હતું.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિની બેઠક આજે ચેરમેનશ્રી ગાંભુસિંહના અધ્યક્ષ પદે મળી હતી.
- શુક્રવારે હિન્દી સાહિત્યની વ્યંગ કવિતાઓનું એક કવિ સંમલેન ગાંધીનગર ટાઉનહોલમાં યોજાયું છે.

# હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનો માટે કલોલમાં કેમ્પ

## બાકી રહેલા નવા વાહનોને નંબર પ્લેટ લગાવવા ઝુંબેશ

ગાંધીનગર, તા.૨૩

જિલ્લામાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ન ધરાવતા નવા વાહનોને આ પ્રકારની પ્લેટ ફીટ કરવા આર.ટી.ઓ. દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેના ભાગરૂપે આગામી તા. ૨૬ થી ૨૮ જુલાઈ દરમિયાન કલોલમાં પંચવટી મેદાનમાં સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન કેમ્પ યોજવામાં આવશે.

નવા વાહનોને સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે ત્યારે જિલ્લામાં ઘણા નવા વાહનો આ પ્રકારની નંબર પ્લેટ લગાવ્યા વિના ફરતા હોવાનું વિશેષ રૂપે ધ્યાને આવ્યું છે. અગાઉ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટની ફી ચુકવી દીધા બાદ પણ આર.ટી.ઓ. કચેરી ખાતે નિયત સમયે નંબર પ્લેટ તૈયાર ન થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી જયારે આવા સંજોગોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનો અન્વયે દંડ વસુલી થતી હોવાનો આક્રોશ પણ ઉઠવા પામ્યો હતો. જો કે હવે નંબર પ્લેટ તૈયાર કરવાના મામલે પણ કોઈ વિલંબ ન થતા બાકી રહેતા નવા વાહનોને પણ હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ લગાવવા આર.ટી.ઓ. કચેરી દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અન્વયે આગામી તા. ૨૬ થી ૨૮ જુલાઈ દરમિયાન સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન કલોલમાં હનુમાન મંદિર પાસે સ્થિત પંચવટી મેદાનમાં કેમ્પ યોજશે. આ અંગે વાહનમાલિકોને મોબાઈલ નંબર ૮૪૦૧૮૨૧૦૪૭ પર નિમેશ ગોસ્વામીનો સંપર્ક કરવા જણાવાયું છે. કલોલ બાદ માણસા અને દહેગામ ખાતે પણ કેમ્પ યોજવામાં આવશે.

# રાષ્ટ્રિય કક્ષાએ ૩૩૦ મેડલ વિનર ખેલાડીઓ પુરસ્કૃત

ગાંધીનગર, તા.૨૩

રાજયના ખેલાડીઓ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રભાવી દેખાવ કરે તે માટે પ્રોત્સાહિત કરવા માટે ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવે છે. જે હેઠળ છેલ્લા બે વર્ષમાં ૩૩૦ વિનર થનાર ખેલાડીઓને પુરસ્કૃત કરાયા છે. જે માટે રૂ. ૫૬.૮૦ લાખની રકમ ચુકવીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે તેમ રાજય રમતગમત મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે.

આ યોજના અંતર્ગત શાળાકીય રમતો, ગ્રામીણ રમતો, મહિલા રમતો, જવાહરલાલ નહેરૂ હોકી સ્પર્ધા જેવી રમતોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રિય કક્ષાએ જે ૩૩૦ ખેલાડીઓને પુરસ્કૃત કરાયા છે.

# ડેપો સંકુલમાં ગાબડાગ્રસ્ત ડામર રોડ તોડી આર.સી.સી.નું કામ શરૂ

## ખાડા અને પાણીના ભરાવાની સમસ્યા હલ થશે

ગાંધીનગર, તા.૨૩

શહેરના એસ.ટી. ડેપોમાં ઉબડખાબડ ડામર રોડને દૂર કરી આર.સી.સી. રસ્તો બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૦ લાખનો ખર્ચ થશે. આ કામગીરીના અંતે ડેપો સંકુલમાં ગાબડા જોવા નહી મળે.



ગાંધીનગર એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા સંદર્ભે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ડેપો સંકુલમા મોટાભાગની નવી ડીઝલ બસો દોડતી જોવા મળે છે. ડેપોમાં બંધ કેન્ટીન પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ ઉપરાંત સી.સી. ટી.વી. કેમેરા અને સોલાર પેનલ સીસ્ટમનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ડેપો સંકુલમાં સ્થિત ડામર રસ્તો ઉબડ-ખાબડ બનતા ચોમાસા દરમિયાન ગાબડાગ્રસ્ત માર્ગમાં પાણી ભરાઈ જતું હતુ. જેને ધ્યાને લઈ આ ડામર રસ્તાને આર.સી.સી.નો બનાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩૦ લાખનો ખર્ચ થશે. હાલ ડેપો સંકુલમાં ગ્રામ્ય બસસ્ટેન્ડ તેમજ બગીચા પાસે આર.સી.સી. ફ્લોરીંગ છે. પરંતુ સીટી બસ સ્ટેન્ડ પાસે લાંબા સમયથી ડામર રસ્તો તુટેલી હાલતમાં હોવાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડતી હતી. જેના પરિણામે આરસીસી રોડનું કામ હાથ ધરવામાં આવ્યુંછે. જેથી હવે સમગ્ર ડેપો સંકુલમાં બસસ્ટેન્ડ પાસે ડામર રસ્તાનું ધોવાણ થવાનો પ્રશ્ન રહેશે નહી. ડામર કાઢીને આર.સી.સી.નું કામ હાથ ધરવામાં આવ્યું છે.

# મીના બજારમાં આખલાનો આતંક

## એક વેપારીને ભેટુ મારતા પગે ફ્રેકચર



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર, તા.૨૩

શહેરના મીના બજાર ખાતે આજે વહેલી સવારે એક આખલા એ ભારે આતંક મચાવ્યો હતો. જેમાં એક વેપારીને ગંભીર ઈજાઓ થતા પગ ફ્રેકચર થવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના જુના સચિવાલયની પાસે મીના બજાર આવેલું છે. જયાં આજે વહેલી સવારે એક આખલાએ ભારે આતંક મચાવ્યો હતો જેને લઈ વેપારીઓમાં દોડધામ થવા પામી હતી.થોડીવાર આખલો શાંત થઈ જતા વેપારીઓ પોતાના વેપારધંધા તરફ જઈ રહ્યા હતા. આજ અરસામાં મીના બજારમાં સ્થિત મયુર ભજીયા હાઉસની ભજીયાની દુકાનના માલિક મનસુખભાઈ પટેલ પોતાની દુકાનનું શટર ખોલી રહ્યા હતા એટલામાં જ અચાનક વિફરેલા આખલાએ પાછળથી જોરદાર ભેટુ મારી પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. વેપારીને ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં પગમાં ફ્રેકચર હોવાનું માલુમ પડયું હતું. ઉલ્લેખનીય છે કે દિવસ દરમિયાન મીના બજાર વિસ્તારમાં આખલાના ભયને લીધે ચહલ પહલ ઓછી રહી હતી.

# ગૌચર જમીન પરના અતિક્રમણ અંગે ૪ વર્ષમાં ૧૩૭૮ ફરિયાદો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ગૌચર જમીનો ઉપર થતા અતિક્રમણ મામલે છેલ્લા ચાર વર્ષમાં ૧૩૭૮ ફરિયાદો પંચાયત વિભાગને મળી છે. જ્યારે આ પૈકી ૧૨૩૮ ફરિયાદો સંદર્ભે વિભાગ દ્વારા પગલા લેવાયા છે. જયારે ૧૪૦ ફરિયાદો હજુ વણઉકેલી હોવાનું ધ્યાને આવ્યું છે.

વિધાનસભા સત્ર દરમિયાનની પ્રશ્નોત્તરીમાં આજે વિરમગામના ડૉ. તેજશ્રીબેન પટેલે પંચાયત મંત્રીને પ્રશ્ન રજૂ કર્યો હતો કે રાજ્યમાં ગૌચર જમીનો ઉપર થતા અતિક્રમણ બાબતે છેલ્લા ચાર વર્ષમાં જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી છે જેના સંદર્ભમાં પંચાયતમંત્રીએ પ્રત્યુત્તર આપ્યો હતો. આ અન્વયે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચાર વર્ષમાં ગૌચરની જમીનો ઉપર થતા અતિક્રમણ અંગે કુલ ૧૩૭૮ ફરિયાદો મળી હોવાનું ધ્યાને આવ્યું છે. આ પૈકી ૧૨૩૮ ફરિયાદોને ધ્યાને લઈ વિભાગ કક્ષાએથી પગલા લેવાયા છે. જ્યારે હજુ સુધી ૧૪૦ ફરિયાદો ઉકેલવાની બાકી હોવાનું પણ સ્પષ્ટ થયું છે. જો કે આ સંદર્ભે વર્ષ ૨૦૧૨-૧૩ માં સૌથી વધુ ૪૩૩ ફરિયાદો મળી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન પણ આ પ્રકારની ૨૨૯ ફરિયાદો મળી છે. આ પૈકી પણ ૩૭ ફરિયાદો વણઉકેલી છે.

# વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ શ્રી અનુભાઈ શાહને મુખ્યમંત્રીશ્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટ શ્રી અનુભાઈ શાહના દુઃખદ અવસાન અંગે ડા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. અનુભાઈને શ્રધ્ધાંજલી આપતા જણાવ્યું છે કે તસ્વીર કલાના માધ્યમથી સચોટ અને સકારાત્મક પત્રકારિતાની ભાત ઉપસાવનારા શ્રી અનુભાઈની ખોટ ગુજરાતના ફોટો-પત્રકારિતા ક્ષેત્રને હંમેશા સાલશે. શ્રીમતી આનંદીબહેને સદગતના આત્માની પરમશાંતિ માટે -ર્થના કરી છે.

# મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકાર સંવેદનશીલ છે

## વિધાનસભા ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગની માંગણીઓ બહુમતીથી પસાર

ગાંધીનગર, તા.૨૩

મહિલાઓના સશકિતકરણ ઉપરાંત મહિલાઓના સર્વાંગી વિકાસ માટે નકકર કામગીરી કરી મહિલા અને બાળકોના વિકાસ માટે રાજય સરકાર અત્યંત સંવેદનશીલ છે. રાજયના સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજયમાં સૌ પ્રથમવાર મહિલાઓ માટે અલાયદુ જેન્ડર બજેટ રજુ કરવામાં આવ્યું છે. રાજયમાં મહિલા અને બાળ વિકાસ વિભાગનું વર્ષ ૨૦૦૨-૦૩નું બજેટ રૂ. ૨૦૮.૯૬ કરોડ હતું. જયારે વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં રૂ. ૨૪૩૬.૫૨ કરોડની જોગવાઈ મહિલા અને બાળ વિકાસ માટે કરવામાં આવી હોવાનું વિધાનસભામાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માંગણીઓની ચર્ચાના જવાબમાં મહિલા અને બાળ વિકાસ રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું.

શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫ના જેન્ડર બજેટમાં મહિલાના ઉત્કર્ષ માટે ૧૦૦ ટકા મહિલાલક્ષી ૮૭ યોજનાઓ અલગ તારવી રૂ. ૧૮૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ૩૦ થી ૯૯ ટકા મહિલાઓને લાભ મળતો હોય એવી અન્ય ૪૦૮ યોજનાઓ માટે રૂ. ૪૩૩૭૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજયમાં ૫૦ નવી નારી અદાલતો માટે રૂ. ૧૨૩.૧૪ લાખ, અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનનો વ્યાપ વધારવા રૂ. ૧૨૫ લાખ, કિશોરી શકિત યોજના માટે રૂ. ૨૨૭૨.૮૪ લાખ, મિશન બલમ સુખમ હેઠળ આંગણવાડીઓના ઘનિષ્ઠ પોષણ સુધારણા માટે રૂ. ૨૭૦૦ લાખની આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફટીની સુવિધા માટે રૂ. ૧૧૫૪.૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજય સરકારે આંગણવાડી કાર્યક્રમના માનદ વેતનમાં દર માસે રૂ. ૫૦૦, હેલ્પરને રૂ. ૩૦૦ તેમજ મીની આંગણવાડી વર્કરને રૂ. ૩૦૦ વેતન વધારવાનો નિર્ણય કર્યો છે. આ માટે રૂ. ૩૨૭૩.૧૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે.




SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com